# દુકાનદાર અને અકાઉન્ટન્ટ

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

આલ્પ્સ પર્વતમાળાના એક વિશાળ પર્વતની તળેટીમાં, વાંકીચૂંકી ઘાટીમાં ક્યાંક એક નાનકડું ગામ હતું. અને એ ગામની બરાબર વચ્ચે, એક દુકાન હતી. તે એક પ્રકારનો જનરલ સ્ટોર હતો, જ્યાં ખાવાપીવાની વસ્તુથી લઈને સાબુ, ઊનના મુલાયમ હાથમોજાં અને ટોપીઓ જેવી બધી જ વસ્તુઓ મળતી હતી. એ ગામમાં રહેતાં લોકોને આ જગ્યા ખૂબ જ ગમતી હતી. તેઓ સવાર સવારમાં જ તાજા પાઉં અને ભોજન બનાવવાની સામગ્રી લેવા માટે આવી જતાં. તેઓ બપોરે કંઈક એવી વસ્તુ લેવા માટે આવતાં જે ઘરમાં ખલાસ થઈ ગઈ હોય — મીણબત્તી, દોરી, શરદીની સામાન્ય દવા. તેઓ રાત્રે પણ થોડીવાર માટે આવતાં અને ત્યાં આવેલાં લોકોને કેમ છો કહેતાં. તે એક દુકાન હતી, મળવાની જગ્યા હતી, એક કેન્દ્ર સ્થાન હતું અને બધાં લોકો માટે એક પ્રકારનું ઘર જ હતું.

એ દુકાનને એક દંપતી ચલાવતાં હતાં, તેમને એ દુકાન તેમનાં લગ્ન પછી તરત જ તેમના પરિવાર તરફથી વારસામાં મળી હતી. તેમનું નામ હતું હેન્સ અને ફ્રીડા, ગામનાં લોકો તેમને ખૂબ જ પ્રેમ કરતાં હતાં. તેમની પ્રેમાળ દૃષ્ટિ અને સહજ વાર્તાલાપ એ દુકાનના એટલા જ અભિન્ન અંગ હતાં જેટલા એ દુકાનમાં લાકડાંની ત્રાંસી છત અને છત સુધીના ઊંચા ખાનાઓ.

હેન્સ અને ફ્રીડાને તેમનું કામ ખૂબ જ પ્રિય હતું. એ કાર્ય તેમનો જુસ્સો હતો, તેમના સમાજને યોગદાન આપવાની તેમની એક રીત હતી. જોકે તેમની આવક બહુ વધારે પડતી નહોતી પણ ફરિયાદ કરવાનું તેમની પાસે કોઈ કારણ પણ નહોતું. દરેક અઠવાડિયાના અંતે તેઓ એક જાડા, કિનારેથી વળી ગયેલા પાનાથી બનેલા, ચામડાંના પૂંઠાવાળા મોટા ચોપડામાં તેમની આવકજાવકનો હિસાબ લખતાં. તેમને જેટલી જરૂર હોય તેટલું તેમને હંમેશાં મળી જતું. તેઓ સારી રીતે તેમના દીકરાનું પાલનપોષણ કરી શકતાં હતાં અને એક સુખી જીવન જીવતાં હતાં.

આ રીતે, દસ, વીસ, પચ્ચીસ વર્ષ વીતી ગયાં. ગામમાં જીવન ખુશી ખુશી ચાલી રહ્યું હતું અને મોટાભાગે એ દુકાન એવી જ રહી જેવી તે હતી, એક શાશ્વત ઉપસ્થિતિના સ્મૃતિચિહ્ન જેવી. દરરોજ સવારે તે દુકાન ખુલતી અને દરરોજ સાંજે તે બંધ થતી. લોકો અંદર આવતાં રહેતાં અને જતાં રહેતાં. સમયની સાથેસાથે, હિસાબના ચોપડા પરનું ચામડું પણ નરમ પડતું ગયું, તેનો રંગ પણ બદલાઈ ગયો હતો, થોડા ભાગમાં લાલ અને થોડામાં કથ્થઈ ધબ્બા પડી ગયા હતા.

આ સમયગાળામાં એ દંપતીનો દીકરો, એન્ડ્રિઅસ પણ હવે મોટો થઈ ગયો. પોતાના ગામની બહારની દુનિયા વિશે વધારે શીખવાની ઉત્સુકતા સાથે, એન્ડ્રિઅસ પોતાના ગામથી થોડે દૂર શહેરમાં આગળ ભણવા માટે ગયો. ત્યાં તેને નવી વિચારધારાઓ, નવા દૃષ્ટિકોણ અને કાર્ય કરવાની વધુ આધુનિક, કાર્યક્ષમ રીતો જાણવા મળી. ક્યારેક-ક્યારેક તે વિચારતો કે તે જે શીખી રહ્યો હતો તેમાંથી કેટલીક વસ્તુઓને તેના માતાપિતાના વેપારમાં કેવી રીતે લાગુ કરી શકે, તેઓ કેવી રીતે એ દુકાનને ગ્રાહકો માટે હજી વધુ આકર્ષક બનાવી શકે.

એક દિવસ સાંજે જ્યારે એન્ડ્રિઅસ તેના માતાપિતાને મળવા ઘરે આવ્યો હતો ત્યારે તે એ ટેબલની બાજુમાં બેઠો જ્યાં તેના પિતાજી આખા દિવસની આવક ગણી રહ્યા હતા. એ પરિચિત દૃશ્યને તે ધ્યાનથી જોઈ રહ્યો હતો : લાકડાની છતમાંથી આવતી જૂની વાસ, ખાનાઓમાં અવ્યવસ્થિત રીતે ભરેલો માલસામાન.

થોડીવાર પછી તેણે કહ્યું, ‘‘પિતાજી?’’

‘‘હા, બેટા?’’ હેન્સે કહ્યું. તેઓ ઝીણી આંખે તેમની સામે ટેબલ પર રહેલા રોકડ અને સિક્કાઓના ઢગલાને જોઈ રહ્યા હતા, તેમના નાક પર ચશ્મા લટકી રહ્યા હતા.

‘‘શું તમે ક્યારેય... અહીં થોડો ફેરફાર કરવા વિશે વિચાર્યું છે?

‘‘ફેરફાર?’’ હેન્સ અડધું-પડધું જ સાંભળી રહ્યો હતો.

‘‘હા ફેરફાર. મને ખોટો ન સમજતા, પણ મારો કહેવાનો અર્થ એ છે કે તમે આ જગ્યા સાથે જે કર્યું છે તે ઘણું સારું છે. બધાં લોકોને આ દુકાન બહુ જ ગમે છે. આ તો બસ, મને એમ લાગે છે કે આપણે અહીંની વસ્તુઓને થોડી સારી રીતે ગોઠવીને થોડી વધારે વ્યવસ્થિત રીતે મૂકવી જોઈએ.’’

હેન્સે આંખો પરથી ચશ્મા હટાવીને તેના દીકરા સામે જોયું.

‘‘તારા મનમાં શું ચાલી રહ્યું છે?’’

‘‘જરા જુઓ કે તમે કઈ રીતે રૂપિયા ગણી રહ્યા છો. તમે હજી પણ એ જ ચોપડો વાપરી રહ્યા છો જે હું નાનો હતો ત્યારે વાપરતા હતા.’’ એન્ડ્રિઅસે હિસાબકિતાબનો ચોપડો પોતાની તરફ ખેંચ્યો. તે કાગળોથી ભરેલો હતો. તેનાં પાનાંઓ પણ છૂટા પડી રહ્યાં હતાં. દરેક પાનું ઝાંખા પડી ગયેલા ઝીણા ઝીણા અક્ષરોથી લખાયેલા આગળના ઘણાં બધાં વર્ષોની આવકજાવકના હિસાબથી ભરેલું હતું.

તેણે કહ્યું, ‘‘જુઓ? આ ચોપડાને વાંચવો પણ મુશ્કેલ છે, તેનો ઉપયોગ કરવાની વાત તો જવા જ દો. તમે આ ચોપડાને જોઈને કહી શકશો કે વાસ્તવમાં આપણી દુકાન કેવી ચાલી રહી છે? તમને કેવી રીતે ખબર પડશે

કે આપણે ભવિષ્યમાં ટકી શકીશું કે નહીં અથવા જે રીતે વેપારનો વિકાસ થવો જોઈએ એ રીતે થઈ રહ્યો છે કે નહીં?''

તેના પિતાજીને આશ્ચર્ય થયું. આટલા સમયથી આવકજાવકનો હિસાબ રાખવાની તેમની સરળ રીત સારી રીતે કામ કરી રહી હતી. પરંતુ, તેણે વિચાર્યું કે કદાચ તેના દિકરાની વાત સાચી હોઈ શકે. પચ્ચીસ વર્ષ થઈ ગયાં હતાં. કદાચ હવે નવા ફેરફાર કરવાનો સમય આવી ગયો હતો.

''બેટા, તારી શું સલાહ છે, આપણે શું કરવું જોઈએ?''

''હું એક સારા અકાઉન્ટન્ટને ઓળખું છું જે બાજુના શહેરમાં જ રહે છે. હું તેમને આપણો હિસાબકિતાબ જોવા માટે પૂછીશ.''

ત્યારબાદ, થોડા દિવસ પછી કોઈએ દુકાનનો દરવાજો ખટખટાવ્યો. એક નાનો, જાડો માણસ અંદર આવ્યો; તેણે એક કિંમતી કાળો સૂટ પહેર્યો હતો, જેનો કૉલર કડક કાંજીવાળો હતો અને એક ગોળ ટોપી પણ પહેરી હતી. તેણે કહ્યું, ''નમસ્તે! મારું નામ હેર ઇમ્હાફ છે અને હું અકાઉન્ટન્ટ છું!''

હેન્સ જે ત્યાં નજીકમાં જ ખાનાઓમાં સામાન ગોઠવી રહ્યો હતો, તેણે હેર ઇમ્હાફનું સ્વાગત કર્યું. જ્યારે હેન્સ ફરીને આખી દુકાન બતાવી રહ્યો હતો ત્યારે એ અકાઉન્ટન્ટે દુકાનમાં વેચવા માટે મૂકેલી જુદી-જુદી વસ્તુઓને જોઈ, તે તેમાંની અમુક વસ્તુઓને ઉપાડતો અને ક્યારેક-ક્યારેક ''હમ્'' કે ''આહ'' કે ''ઓહો'' એવો અવાજ કરતો. હેન્સ એ નક્કી નહોતો કરી શકતો કે આ અવાજનો શું અર્થ કાઢવો, પણ તે હંમેશની જેમ નમ્ર જ રહ્યો. તે હેર ઇમ્હાફને જ્યાં હિસાબનો ચોપડો અને બિલ હતાં એ ટેબલ પાસે લઈ ગયો અને તેણે તેને એક કપ ચા આપી.

હેર ઇમ્હાફે ઝડપથી માથું હલાવ્યું. તેણે તરત જ પોતાની ટોપી ઉતારી, એક પેન અને તેની સુંદર પૂઠાંવાળી નોટબુક કાઢીને કામ શરૂ કરી દીધું.

થોડા કલાક પછી, તે ઊભો થયો અને તેણે પાછી ટોપી પહેરી લીધી. તેણે કહ્યું, ''ખેર, ઘણું બધું કામ કરવાનું છે, ઘણી બધી ગણતરીઓ ફરી કરવી પડશે અને હિસાબ ફરી તપાસવો પડશે, પણ હું એ કરી રહ્યો છું. હું કાલે પાછો આવીશ.''

તો બીજે દિવસે સવારે એ આવી ગયો. અને તેના પછીના દિવસે, અને ફરી તેના પછીના દિવસે પણ આવ્યો. થોડા સમય સુધી આવું ચાલતું રહ્યું, હેર ઇમ્હાફ રોજ સવારે આવતો, દુકાનમાં ચારેતરફ અસંતોષ અને નાખુશીથી જોતો રહેતો અને પછી બપોર સુધી નોટબુકમાં લખતો રહેતો.

આ રોજિંદા કામકાજના થોડા અઠવાડિયા પછી, એક દિવસ ફ્રીડાએ જોયું કે તેનો પતિ કંઈક ગુમસૂમ થઈ ગયો હતો. એ બહુ સુંદર દિવસ હતો — હૂંફાળો, સૂર્ય કિરણોથી ચમકતો અને દુકાનની બારીઓમાંથી પ્રકાશ અંદર આવી રહ્યો હતો. દુકાન લોકોથી ભરેલી હતી, તેમાંનાં ઘણાં લોકો ઉત્સાહપૂર્વક પહાડી પ્રદેશમાં પદયાત્રા કરવા અથવા ફરવા જવા માટે શું-શું ખરીદવાં માંગે છે તે વિશે વાતો કરી રહ્યાં હતાં.

ફ્રીડાએ પૂછ્યું, ‘‘શું થયું છે? તમે આટલા ચૂપ કેમ છો?’’

હેન્સે પોતાના હાથ તરફ નીચે જોયું, તેના કપાળ પર કરચલીઓ પડવા લાગી. તેણે જવાબ ન આપ્યો.

‘‘શું વાત છે? તમે મને કહી શકો છો.’’

‘‘વાત અકાઉન્ટન્ટની છે, હેર ઇમ્હાફની.’’ તેના કપાળ પરની રેખાઓ વધારે ઊંડી થઈ ગઈ.

‘‘તેની શું વાત છે?’’

‘‘ગઈકાલે રાત્રે જ્યારે તે જઈ રહ્યો હતો ત્યારે તેણે... તેણે મને કહ્યું...’’ હેન્સનો અવાજ ધીમો પડી ગયો.

‘‘હા બોલો? તેણે તમને શું કહ્યું?’’

હેન્સ નિસાસો નાખીને ઢીલો પડી ગયો. ‘‘તેણે કહ્યું કે આપણે નાદાર થઈ જવાના છીએ.’’

ફ્રીડાએ કહ્યું, ‘‘શું? એ કેવી રીતે બની શકે?’’

‘‘હા પણ, હકીકતમાં આપણે અત્યારે નાદાર નથી — પરંતુ હેર ઇમ્હાફે કહ્યું કે આપણે *કદાચ* ભવિષ્યમાં ક્યારેક નાદાર થઈ જઈશું! તેણે કહ્યું કે આપણે આપણી દુકાનને હજી વધારે મોટી કરવી પડશે, ગ્રાહકોની સંખ્યા વધારવી પડશે અને જુદા-જુદા પ્રકારનો માલસામાન રાખવો પડશે, આપણે અત્યાર સુધી જે કરી રહ્યાં હતાં તે બધું જ ખોટું કરી રહ્યાં હતાં!’’

તેણે અત્યંત દુઃખી થઈને તેના બંને હાથ માથા પર મૂકી દીધા.

ફ્રીડાએ દુકાનમાં ચારેબાજુ નજર કરી. સાંકડી જગ્યામાં લોકોની ભીડ જામી હતી, તેઓ હસી રહ્યાં હતાં, વાતો કરી રહ્યાં હતાં, સામાન લઈ રહ્યાં હતાં. પૈસા ચૂકવવા માટે ગ્રાહકોની એક લાંબી લાઈન શરૂ થઈ ગઈ હતી. તે તેના પતિ તરફ પાછી ફરી.

‘‘પ્રિય, હું તમને એક પ્રશ્ન પૂછવા માંગું છું.’’

‘‘હા?’’ હેન્સે ધીમા અવાજમાં કહ્યું. હજી પણ તેના હાથ તેના માથા પર જ હતા.

‘‘આટલાં વર્ષોથી, આપણે આ દુકાનના માલિક છીએ, ખરું ને?’’

‘‘હા.’’

‘‘અને શું આ સમય દરમ્યાન આપણે ત્યાં હંમેશાં ઘણા બધા ગ્રાહકો હતા?’’

‘‘હા.’’

‘‘તમે હંમેશાં બિલ અને આવકજાવકનો હિસાબ કાળજીપૂર્વક રાખ્યો છે, ખરું ને?’’

‘‘હા.’’

‘‘અને આપણી પાસે હંમેશાં જરૂર પૂરતા રૂપિયા હતા?’’

‘‘હા.’’

‘‘અને આપણે ખુશીથી રહેતા હતા?’’

‘‘હા, અત્યંત ખુશીથી.’’

‘‘તો, એ શું છે જે બદલાયું છે?’’

હેન્સે તેની પત્નીની સામે જોયું. તેના ચહેરા પરનો દુઃખ અને ચિંતાનો ભાવ દૂર થવા લાગ્યો.

અને પછી તેણે કહ્યું :

‘‘અકાઉન્ટન્ટ!’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.